દાખલ તારીખ :– ૧૩/૦૫/૨૦૨૪
ફેંસલ તારીખ :– ૧૦/૦૪/૨૦૨૬
સમયગાળો :– વર્ષ મહિના દિવસ
૦૧ ૧૦ ૨૮

**અમદાવાદ શહેરના મે. ૬ ઠ્ઠા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી એમ.બી.નિમાવત સાહેબ સમક્ષ, (કોર્ટ નં.૨૦), અમદાવાદ**

---

**ક્રિમીનલ કેસ નંબર:–૫૭૫૬૮/૨૦૨૪**
**(ચુકાદાની તારીખ:– ૧૦/૦૪/૨૦૨૬)**

**આંક–૧૧**

| | |
|---|---|
| | એફ.આઈ.આર.ની વિગતો /ગુનો અને પોલીસ સ્ટેશન |
| પોલીસ સ્ટેશન :– | વટવા પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૧૧૯૧૦૩૮૨૪૦૧૩૫/૨૦૨૪ |
| ગુનો :– | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ |

## FORM-A

| | |
|---|---|
| તહોમતનામા મુજબ તહોમત :– | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ |
| ફરિયાદી :– | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદી– જવલંતભાઈ સ/ઓ અરવિંદભાઈ પારેખ) |
| વિ.એ.પી.પી.શ્રી :– | શ્રી ડી.સી.ગોસ્વામી |
| આરોપી :– | પરેશકુમાર સુરેશભાઈ સોની, ઉ.વ.૩૫<br>રહે:–મ.નં.બી/૭ અક્ષરદીપ સોસાયટી મનમોહન પાર્ક સોસાયટી પાસે વિરાટનગર નિકોલ અમદાવાદ. |
| આરોપી તરફે વિ.વકીલશ્રી :– | શ્રી આઈ.એમ.ચૌહાણ |

## FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ :– | તા. ૧૯/૦૩/૨૦૨૪ |
| ફરિયાદની તારીખ :– | તા. ૧૩/૦૫/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ :– | તા. ૧૩/૦૫/૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યાની તારીખ :– | તા. ૨૭/૦૫/૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ :– | તા. ૦૬/૦૯/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ ઉપર આવ્યાની તારીખ :– | તા. ૧૦/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. |

**આરોપીની વિગતો :–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પરેશકુમાર સુરેશભાઈ સોની | ૩૦/૦૩/૨૦૨૪ | જામીન મુકત | ભારતીય દંડ સં હિતા,૧૮૬૦ ની કલમ–૪૫૪,૪૫૭ ,૩૮૦ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | ..... | ....... |

## FORM-C

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો

**–: મૌખિક પુરાવો :–**

| સા.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | જવલંત અરવિંદકુમાર પારેખની જુબાની | ફરિયાદી | ૦૫ |

### (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

### (સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

### ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૦૬ |
| ૨. | પંચનામું | ૦૭ થી ૦૯ |

### બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત**
**મુદ્દામાલ પાવતી નં.૧૧૧૯૧૦૩૮૨૪૦૧૩૫/૨૦૨૨, તા.૨૧/૦૩/૨૦૨૪**

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | સોનાનું મંગલસુત્ર–૧ નંગ |
| ૨. | ૨ | એક જોડ બુટી–૧ નંગ |
| ૩. | ૩ | ઘરેણા–૨ નંગ |
| ૪. | ૪ | એક ઘાબા કટકી–૧ નંગ |
| ૫. | ૫ | એક ચાંદીની ચમચી–૧ નંગ |
| ૬. | ૬ | એક જોડ ચાંદીની પાયલ–૧ નંગ |
| ૭. | ૭ | એક ચાંદીનો દીવો–૧ નંગ |
| ૮. | ૮ | એક ચાંદીની ગણેશજીની મુર્તી–૧ નંગ |
| ૯. | ૯ | એક ચાંદીની વીટી–૧ નંગ |
| ૧૦. | ૧૦ | ઘડીયાળ–૨ નંગ |

**–: ચુકાદો :–**

(૧.૦૦) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ તા.૧૯/૩/૨૦૨૪ ના સવારના ક.૯.૦૦ વાગ્યાથી રાત્રીના ક.૨૦.૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ફરીયાદીશ્રીના ઘરના મેઇન દરવાજાનો નકુચો તોડીને દરવાજામાં થી આ કામના આરોપી ઘુસી જઈ ઘરમાં તિજોરીના લોકરમાં રાખેલ સોનાના દાગીના આશરે ત્રણ તોલા વજનના જેની કિંમત રૂ.૬૩,૦૦૦/– તેમજ ચાંદીના દાગીના આશરે ૨૦૦ ગ્રામ વજનના જેની કિ.રૂ.૧ ૦,૦૦૦/– તેમજ ટાઇટન રાગાની વોચ નંગ–૨ જેની કિમત આશરે રૂ.૧૫,૦૦૦ તથા એક સેમસંગ કં પનીનો એમ–૩૧ વન મોડલનો મોબાઇલ જેની કિંમત રૂ.૧૫,૦૦૦/– તથા રોકડ રૂ.૩૦,૦૦૦/–

મળી કુલ્લે કિમત રૂ.૧,૩૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ જઈ મુદામાલ સાથે મળી આવી ગુનો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ વટવા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેનો આધારે ત.ક.અમલદારે ફ.ગુ.ર.નં .૧૧૧૯૧૦૩૮૨૪૦૧૩૫/૨૦૨૪ થી ફરિયાદ નોંધી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા થી ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ હતો.

(૨.૦૦) આ કામે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને સંબંધિત બનાવ વાળી જગ્યાનું પંચનામું કરી, મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું અને તપાસનાં અંતે આરોપી ની સંડોવણી ખુલતા તથા હાલનાં આરોપી વિરૂધ્ધ ગુન્હો બનતો હોય, ગુના મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ હતું.

(૩.૦૦) આ કામમાં તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતા ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપીની સામે સમન્સ કાઢવામાં આવેલ હતો. આરોપીને સમન્સ બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર રહેલ અને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આ અદાલત ધ્વારા આંક-૦૩ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીની આંક-૦૪ થી પ્લી નોંધવામાં આવેલ અને આરોપીએ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતાં, તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો શરૂ થાય તે પહેલા પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ જતાં ફરિયાદીની આંક-૧૦ થી સમાધાન પુરસીસ રજૂ રાખેલ છે. જે પુરસીસ રેકડેર્ડ કરવામાં આવી ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪.૦૦) ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫.૦૦) ત્યારપછી આરોપીની વિરુધ્ધની પુરાવાની કોઈ હકીકતો રેકર્ડ ઉપર આવેલ ન હોય, સંહિતાની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬.૦૦) ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવી.

(૭.૦૦) આ કેસની હકીકત ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીએ તા.૧૯/૩/૨૦૨૪ ના સવારના ક.૯.૦૦ વાગ્યાથી રાત્રીના ક.૨૦.૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ફરીયાદીશ્રીના ઘરના મેઈન દરવાજાનો નકુચો તોડીને દરવાજામાંથી આ કામના આરોપી ઘુસી જઈ ઘરમાં તિજોરીના લોકરમાં રાખેલ સોનાના દાગીના આશરે ત્રણ તોલા વજનના જેની કિંમત રૂ.૬૩,૦૦૦/- તેમજ ચાંદીના દાગીના આશરે ૨૦૦ ગ્રામ વજનના જેની કિ.રૂ.૧૦,૦૦૦/- તેમજ ટાઈટન રાગાની વોચ નંગ-૨ જેની કિમત આશરે રૂ.૧૫,૦૦૦ તથા એક સેમસંગ કંપનીનો એમ-૩૧ વન મોડલનો મોબાઈલ જેની કિંમત રૂ.૧૫,૦૦૦/- તથા રોકડ રૂ.૩૦,૦૦૦/- મળી કુલ્લે કિમત રૂ.૧,૩૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ જઈ મુદામાલ સાથે મળી આવી ગુનો કરી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭.૦૧) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮.૦૦) ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે :

**<u>કારણો</u>**

**<u>મુદ્દાનં. ૧:-</u>**

**(૮.૧)** આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદપક્ષે આંક-૦૫ થી ફરિયાદી જવલંત અરવિંદકુમાર પારેખને તપાસેલ છે,તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ સને ૨૦૨૪ ના વર્ષમાં બનેલો તે વખતે તેઓના ઘરમાંથી સોના ચાંદીના દાગીનાની ચોરી થયેલી. બનાવ કેવી રીતે બનેલો તેની તેઓને ખબર નથી. બનાવની હકીકતો વીશે તેઓ કંઈ જાણતો નથી.

તેઓની સાથે કોઈ ચોરીનો બનાવ બનેલ નથી. બનાવ અંગેની ફરીયાદ તેઓએ આપેલી જેમા તેઓની સહી ઓળખી બતાવે છે. જે આંક–૬ થી ફરીયાદ રજુ થયેલ છે. તેઓને મુદામાલ નામદાર કોર્ટમાંથી મળી ગયેલ છે. આમ, ફરીયાદી ફરિયાદપક્ષને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી. શ્રી એ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ એ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, બનાવ વિશે તેઓને કોઈ જાતમાહીતી નથી અને આ ચોરી કોણે કરેલી અને બનાવ કેવી રીતે બનેલો તેની તેઓને ખબર નથી.

(૯) હાલના કામે તપાસવામાં આવેલ સાહેદની જુબાની સિવાય અન્ય કોઈ પુરાવો વિશેષ મહત્વનો રહેતો નથી. આ ઉપરાંત **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાન નં.૮૫ ઉપર ના. સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓના ચૂકાદામાં** સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબકકે જયારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં હવે પછી વધુ સાહેદ તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાહેદો કે તપાસ કરનાર અમલદારને તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આપવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનું બંધ રાખી અદાલતનો કિંમતી સમય દુર્વ્યય થતો અટકાવવો જોઈએ. આમ, સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેનું મુખ્ય હાર્દ એવું જણાય છે કે, ચાર્જશીટમાં જણાવેલ તમામે તમામ સાહેદો અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરૂરી નથી. એટલું જ નહી, પરંતુ મહત્વના અને ચાવીરૂપ સાહેદો તપાસાઈ ગયા હોય અને તેઓની જુબાની ધ્યાને લેતાં અદાલતને લાગે કે, વિશેષ સાહેદો તપાસવા તે ઔપચારિકતા જ છે. અને તે હકીકતે જે ઉપર મુજબ ચર્ચા કરી છે તે જોતાં સદર કામે વિશેષ પુરાવો લેવો યોગ્ય જણાયેલ નથી.

(૧૦) હાથ પરના કેસમાં રજુ પુરાવો જોઈએ તો, ફરીયાદમા તેઓના ઘરના મેઈન દરવાજાનો નકુચો તોડીને દરવાજામાંથી ઘુસી જઈને ઘરમાં તિજોરીના લોકરમા રાખેલ સોનાના દાગીના ની ચોરી કરેલાનું જણાવેલ છે. ચોરી કોણે, કયારે કરી તે ફરીયાદીએ નજરે જોયેલ નથી. આરોપીઓને ચોરી કરતા નજરે જોયેલ હોય તેવા કોઈ સાહેદો મળી આવેલ નથી. પંચનામામાં એ મહત્વના પુરાવા છે પરંતુ કોઈને પંચોને તપાસવામાં આવ્યા નથી. તપાસ કરનાર અધિકારીને પણ તપાસ્યા નથી. જેથી રીકવરી

અંગેની હકીકતો પુરવાર થઈ નથી. જેથી આ ચોરીના બનાવમાં તથા મુદામાલને આરોપીઓ સાથે સાં કળી શકાય તેવો કોઈ મહત્વનો અને સચોટ પુરાવો રજુ થયેલ નથી. જેથી, માત્ર શંકાના આધારે આરોપીની અટક કરવામાં આવેલ હોય તેવુ જણાય છે. આ સિવાય હાલના બનાવ સાથે આરોપીને સાંકળતો કોઈ જ માનવા લાયક પુરાવો રેકર્ડ પર આવતો નથી. અને પોલીસે શં કાના આધારે જ આરોપીની અટક કરેલ હોવાનું ફલીત થાય છે. અત્રે એ બાબત નોંધનીય છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામેનું ત્હોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. અને શંકા ગમે તેવી પ્રબળ હોય તો પણ તેના આધારે આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહી. આ સંજોગોમાં આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ઈ.પી.કો. કલમ ૩૮૦ મુજબનાં ગુનાના આવશ્યક તત્વો સંતોષાય તેવો લેશ માત્ર પુરાવો ફરીયાદ પક્ષે રજુ થયેલ ન હોય સદર ત્હોમત પણ ટકી શકે તેમ નથી. પોતાનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે જયારે ફરિયાદપક્ષના કેસમાં ગંભીર શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે, કારણ કે, ફોજદારી પ્રક્રિયાનો આરંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ પુરાવો ધ્યાને લેતાં સદર કામના ફરિયાદી પોતાના પુરાવામાં બનાવ સને ૨૦૨૪ ના વર્ષમાં બનેલો તે વખતે તેઓના ઘરમાંથી સોના ચાંદીના દાગીનાની ચોરી થયેલી. બનાવ કેવી રીતે બનેલો તેની તેઓને ખબર નથી. બનાવની હકીકતો વીશે તેઓ કંઈ જાણતો નથી. તેઓની સાથે કોઈ ચોરીનો બનાવ બનેલ નથી. જયારે બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ માં બનાવ વિશે તેઓને કોઈ જાતમાહીતી નથી અને આ ચોરી કોણે કરેલી અને બનાવ કેવી રીતે બનેલો તેની તેઓને ખબર નથી. આમ, ફરિયાદપક્ષે ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન મળતું નથી. આમ, ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે કે, આ કામના આરોપીએ તા.૧૯/૩/૨૦૨૪ ના સવારના ક.૯.૦૦ વાગ્યાથી રાત્રીના ક.૨૦.૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ફરીયાદીશ્રીના ઘરના મેઈન દરવાજાનો નકુચો તોડીને દરવાજામાંથી આ કામના આરોપી ઘુસી જઈ ઘરમાં તિજોરીના લોકરમાં રાખેલ સોનાના દાગીના આશરે ત્રણ તોલા વજનના જેની કિંમત રૂ.૬૩,૦૦૦/– તેમજ ચાંદીના દાગીના આશરે ૨૦૦ ગ્રામ વજનના જેની કિ.રૂ.૧૦,૦૦૦/– તેમજ ટાઈટન રાગાની વોચ નંગ–૨ જેની કિમત આશરે રૂ.૧૫,૦૦૦ તથા એક સેમસંગ કંપનીનો એમ–૩૧ વન મોડલનો મોબાઈલ જેની કિંમત રૂ.૧૫,૦૦૦/– તથા રોકડ રૂ.૩૦,૦૦૦/– મળી કુલ્લે કિમત રૂ.૧,૩૩,૦૦૦/– મતાની ચોરી કરી લઈ જઈ મુદામાલ સાથે મળી

આવી ગુનો કરી ઈ.પી.કો.કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે. જે સંજોગો માં આ કામના આરોપી એ આક્ષેપો મુજબનો ગુનો આચરેલ હોય એવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આ કામના આરોપીએ આક્ષેપિત ગુનાનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::આખરી હુકમ ::**

આ કામના આરોપી પરેશકુમાર સુરેશભાઈ સોની, ઉ.વ.૩૫ રહે:–મ.નં.બી/૭ અક્ષરદીપ સોસાયટી મનમોહન પાર્ક સોસાયટી પાસે વિરાટનગર નિકોલ અમદાવાદ. નાઓને ક્રિ. પ્રો.કોડની કલમ–૨૭૧(૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના શિક્ષા પાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૫૨ અનુસાર, આ કામે મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલ સોનાનું મંગલસુત્ર–૧ નંગ, એક જોડ બુટી–૧ નંગ, ઘરેણા–૨ નંગ, એક ઘાબા કટકી–૧ નં ગ, એક ચાંદીની ચમચી–૧ નંગ, એક જોડ ચાંદીની પાયલ–૧ નંગ, એક ચાંદીનો દીવો–૧ નંગ, એક ચાંદીની ગણેશજીની મુર્તી–૧ નંગ, એક ચાંદીની વીટી–૧ નંગ, ઘડીયાળ–૨ નંગ છે જે અંગે વચગાળાઓ કોઈ હુકમ થયેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અન્યથા આ મુદામાલની માલિકી અંગેની ખરાઈ કરી પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારૂ રૂા. ૫૦૦૦/– ના સધ્ધર જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

આ હુકમ આજ તારીખ–૧૦ જી માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૦/૦૪/૨૦૨૬

(મનીષ ભરતભાઈ નિમાવત)
૬ ઠ્ઠા એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, (કોર્ટ નં.૨૦)
(કોડ નં.જીજે ૦૦૯૭૧)